

**જી.સી.ઈ.આર.ટી.ગાંધીનગર પ્રેરીત**

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ આયોજીત**

# બાળવાર્તાકથન અને નિર્માણ સ્પર્ધા

**2024-2025**


**માર્ગદર્શકશ્રી**

**ડૉ.પી.આર.રાવલ**

પ્રાચાર્યશ્રી

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,

પાટણ

**સંકલન**

**ડૉ.પીનલબેન ડી.ગોરડીયા**

લેક્ચરર,

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

પાટણ

**<u>પ્રસ્તાવના–</u>**

**રાષ્ટ્રીય** શિક્ષણ નીતિ ૨૦૨૦ અન્વયે સમગ્ર ગુજરાતમાં વર્ષ ૨૦૨૨-૨૩ ને ‘બાળ વાર્તા’ વર્ષ તરીકે ઉજવવાનું અને પ્રખર શિક્ષણશાસ્ત્રી એવા ગિજુભાઈ બધેકાના જન્મ દિવસ ૧૫ નવેમ્બરને પ્રતિવર્ષ ‘બાળવાર્તા દિન’તરીકે ઉજવવાનું ઠરાવવામાં આવેલ છે. વાર્તા એ દરેક બાળકને ગમે છે. બાળવાર્તા દ્વારા બાળકો આનંદ સાથે જ્ઞાન મેળવે છે. મૂલ્ય શિક્ષણ માટે પણ વાર્તા ખૂબ જ ઉપયોગી માધ્યમ છે. બાળકોની ‘મૂછાળી મા’ના હુલામણા ઉપનામે ઓળખાતા ગિજુભાઇ બધેકાએ તો વાર્તા દ્વારા બાળકોને ખૂબ સારી રીતે વિષય શિખવી શકાય તેનુ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

જે અંતર્ગત ચાલુ વર્ષની ઉજવણીમાં જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર દ્વારા સમગ્ર રાજ્યની પ્રાથમિક શાળાઓમાં બાળ વાર્તા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં શાળા કક્ષાથી શરુ કરી ક્રમિક રાજ્ય કક્ષા સુધીની સ્પર્ધાઓની હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી. રાજયના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો.

- **<u>સ્પર્ધાનું પ્રારુપ-</u>**

  - ત્રણ વિભાગ -

  ૧) ફાઉન્ડેશનલ સ્ટેજ- ધો. ૧ અને ૨

  ૨) પ્રિપેરેટરી સ્ટેજ- ધો. ૩ થી ૫

  ૩) મિડલ સ્ટેજ- ધો. ૬ થી ૮

  - ફાઉન્ડેશનલ સ્ટેજ અને પ્રિપેરેટરી સ્ટેજમાં **વાર્તાકથન** અને મિડલ સ્ટેજમાં **વાર્તાનિર્માણ** અને વાર્તાલેખનની સ્પર્ધા.
  - ફાઉન્ડેશનલ સ્ટેજની સ્પર્ધા જિલ્લાકક્ષા સુધી જ્યારે પ્રિપેરેટરી સ્ટેજ અને મિડલ સ્ટેજની સ્પર્ધા રાજ્ય કક્ષા સુધી.
  - વાર્તાકથન સ્પર્ધાના મૂલ્યાંકન માનાંક- (૧) વાર્તાની પસંદગી અને કથાવસ્તુ (૨) ઉચ્ચારણ અને સ્વરભાર (૩) હાવભાવ અને આરોહ-અવરોહ (૪) આત્મવિશ્વાસ (૫) સમગ્ર છાપ
  - વાર્તાલેખન સ્પર્ધાના મૂલ્યાંકન માનાંક- (૧) વિષયવસ્તુ (૨) ભાષા સજ્જતા અને ભાષાશુધ્ધી (૩) કલ્પનાશીલતા (૪) લેખનશૈલી (૫) સમગ્ર છાપ

- **<u>શાળા કક્ષાથી બ્લોક કક્ષા સુધી</u>**

સમગ્ર પાટણ જિલ્લામાં તા- ૧૮/૧૧/૨૦૨૪ થી તા- ૩૧/૧૨/૨૦૨૪ વચ્ચે શાળા કક્ષાથી લઈ બી.આર.સી. કક્ષા સુધીની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું. જિલ્લાના બાળકોએ ઉત્સાહભેર આ સ્પર્ધામાં ભાગ લીધો. જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે દરેક તાલુકામાંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવેલા બાળકોને બોલાવવામાં આવ્યા.

❖ **જિલ્લા કક્ષાની સ્પર્ધા-**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પાટણ ખાતે તા- ૧૬/૦૧/૨૦૨૫ ના રોજ જિલ્લાકક્ષાની ‘બાળવાર્તા કથન અને બાળવાર્તા નિર્માણ લેખન’ ની સ્પર્ધા યોજાઇ. ત્રણે વિભાગમાં તાલુકાકક્ષાની સ્પર્ધામાં વિજેતા થયેલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

જિલ્લાના નિષ્ણાત તજજ્ઞશ્રીઓએ મૂલ્યાંકનકારની ભૂમિકા અદા કરી. શાંતિપૂર્ણ વાતાવરણમાં સ્પર્ધા યોજવામાં આવી. જિલ્લા શિક્ષણ તાલીમ ભવનના પ્રાચાર્યશ્રી ડો. પિન્કીબેન રાવલ તથા લેક્ચરરશ્રી ડો. પિનલબેન ગોરડીયા દ્વારા બાળકોને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું.

❖ **મુલ્યાંકનકારોની યાદી –**

| ક્રમ | નિર્ણાયકશ્રીનું નામ | શાળાનું નામ | તાલુકો |
|---|---|---|---|
| ૧ | શ્રીચતુરદાન ગઢવી | જાવંત્રી | રાધનપુર |
| ૨ | ડૉ. મધુસૂદનભાઈ ઠક્કર | સુજનીપુર | પાટણ |
| ૩ | પરીન્દાબેન રાવલ | પીલુંવાડા | હારીજ |
| ૪ | ડૉ. રોશનીબેન ઠક્કર | ગજા | પાટણ |
| ૫ | ડૉ. નેહલબેન દવે | બાદીપુર | પાટણ |
| ૬ | ડૉ. જયમાલબેન પંચાલ | ધીવટા | પાટણ |
| ૭ | ચિરાગભાઈ પટેલ | સાગોડીયા | સરસ્વતી |
| ૮ | પિનલબેન ગોરડીયા | ડાયટ લેક્ચરર | પાટણ |
| ૯ | ડૉ.દશરથભાઈ ઓઝા | ડાયટ લેક્ચરર | પાટણ |

❖ **સ્પર્ધાનું પરિણામ :-**

| સ્પર્ધા | ક્રમ | બાળકનું નામ | ધોરણ | શાળાનું નામ |
|---|---|---|---|---|
| **ફાઉન્ડેશનલ સ્ટેજ (વાર્તાકથન)** | ૧ | તુરી દિવ્યા જીતુભાઈ | ૧ | ડેર કન્યા પ્રા. શાળા |
| | ૨ | ઠાકોર સપના અમરસિંહ | ૧ | તંબોળીયા પ્રા. શાળા |
| | ૩ | ઠાકોર શ્રદ્ધાબેન મહેશભાઈ | ૧ | ઉમેદપુરા પ્રા. શાળા |
| **પ્રિપેરેટરી સ્ટેજ (વાર્તાકથન)** | ૧ | રબારી વિશ્વા રાજુભાઈ | ૩ | કોટાવડ પ્રા. શાળા |
| | ૨ | પટેલ ધ્યાના સંજયભાઈ | ૩ | માણુંદ કન્યા પ્રા. શાળા |
| | ૩ | ઠાકોર પ્રિયલબેન મુકેશકુમાર | ૪ | કેસરગઢ પ્રા. શાળા |
| **મિડલ સ્ટેજ (વાર્તાનિર્માણ)** | ૧ | પરમાર હિમાની હર્ષદભાઈ | ૮ | કિમ્બુવા પ્રા.શાળા |
| | ૨ | ઓઝા હિરલ દિનેશભાઈ | ૮ | વિજયનગર પ્રા. શાળા |
| | ૩ | સાધુ ક્રિષ્નાબેન ભરતદાસ | ૮ | બોરુડા પ્રા. શાળા |

બપોરના જમણવાર બાદના સેશનમાં વિજેતા બાળકોને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્યશ્રી ડૉ. પિન્કીબેન રાવલના વરદ હસ્તે ઈનામ અને સર્ટીફીકેટનું વિતરણ કરવામાં આવ્યું. પ્રાચાર્યશ્રી દ્વારા બાળકોને ઝોન કક્ષા તેમજ રાજ્યકક્ષાની સ્પર્ધા માટે શુભેચ્છા પાઠવવામાં આવી.

ડૉ. પિનલબેન ડી.ગોરડીયા દ્વારા સમગ્ર સ્પર્ધાનું સુચારું સંચાલન કરવામાં આવ્યું. સ્પર્ધાના અંતમાં હરેશભાઈ પટેલ દ્વારા કાર્યક્રમની આભાર વિધિ કરવામાં આવી.


જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરી, પાટણના
ભારતની ઉજવણીની જિલ્લા કક્ષાની
વાર્તા કથન સ્પર્ધા
(ધોરણ ૩ થી ૫)


વાર્તા કથન સ્પર્ધા


નિપુણ ભારતની ઉજવણીની જિલ્લા કક્ષાની
વાર્તા લેખન સ્પર્ધા


જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પ્રેરિત તથા
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ
દ્વારા આયોજીત અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરી, પાટણના
સહયોગથી
નિપુણ ભારતની ઉજવણીની જિલ્લા કક્ષાની
વાર્તા કથન સ્પર્ધા
(ધોરણ ૩ થી ૫)
તારીખ : ૧૬-૦૧-૨૦૨૫ સ્થળ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ



જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ
દ્વારા આયોજીત અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરી, પાટણના
સહયોગથી





vivo V27
Patan，Gujarat Jan 16, 2025, 13:18


vivo V27
Patan，Gujarat Jan 16, 2025, 13:13


vivo V27
Patan, Gujarat Jan 16, 2025, 13:20


vivo V27
Patan, Gujarat Jan 16, 2025, 13:21